ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

હવામાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૪.૦° સે.	૧૯.૦° સે.
આહવા	૩૫.૦° સે.	૧૬.૦° સે.
વલસાડ	૩૪.૦° સે.	૨૧.૦° સે.
વાપી	૩૪.૦° સે.	૨૧.૦° સે.

વાપીમાં મનપા દ્વારા ભગવાન બિરસા મુંડાની પ્રતિમા ખુલ્લી મૂકાશે

વાપી : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે રવિવારે સવારે ૧૦ કલાકે વાપી મહાનગરપાલિકા નામધામાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ખુલ્લી મૂકવામાં આવશે. તેમજ અહીં યોજાનારા કાર્યક્રમ સુરતના વરાછાના ધારાસભ્ય કિશોરભાઈ કાનાણીની અધ્યક્ષતામાં યોજાશે. જેમાં વાપીના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન ટીનાબેન હળપતિ મનપા કમિશનર એન.એફ.ચૌધરી ઉપસ્થિત રહેશે.

અબ્રામા અને જલાલપોરમાં પૂરઝડપે દોડતા વાહનોએ બે માસૂમના જીવ લીધા

રિક્ષા અને બાઈકની ટક્કરમાં બે વ્યક્તિનાં કમકમાટીભર્યા મોત, અન્ય બે ઇજાગ્રસ્ત

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં માર્ગ અકસ્માતના બે અલગ-અલગ બનાવોમાં બે વ્યક્તિઓનાં મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. આ બંને અકસ્માતો વાહનચાલકોની કથિત બેદરકારી અને પૂરઝડપે વાહન હંકારવાને કારણે સર્જાયા હતા, જેમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે જ્યારે અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થઈ છે. આ મામલે જલાલપોર પોલીસ મથકે ગુના નોંધવામાં આવ્યા છે.

પ્રથમ બનાવ ગત ૪ નવેમ્બરના રોજ સવારે અબ્રામા ચાર રસ્તા નજીક બન્યો હતો. વિજલપોરના ઘનશ્યામ પાર્કમાં રહેતા દીપકભાઈ હળપતિની ફરિયાદ મુજબ, એક ઓટોરિક્ષાના ચાલકે પૂરઝડપે રિક્ષા હંકારીને એક્ટિવાને ટક્કર મારી હતી અને ત્યારબાદ કાબૂ ગુમાવી રસ્તો ઓળંગી રહેલા ફરિયાદીના મામા રાજુભાઈને અડફેટે લીધા હતા. ગંભીર ઈજા પામેલા રાજુભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જે અંગે ૧૩ નવેમ્બરે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

અકસ્માતનો બીજો બનાવ ૧૩ નવેમ્બરના રોજ બપોરે જલાલપોરના મીઠાકુવા વિસ્તારમાં બન્યો હતો. ગાંધી ફળિયામાં રહેતાં નાનીબેન નાયકાની ફરિયાદ મુજબ, એક પૂરઝડપે આવી રહેલા મોટરસાઈકલના ચાલકે તેમના પુત્ર ધર્મેશભાઈની મોપેડને સામેથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ધર્મેશભાઈને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓને પણ ઈજાઓ પહોંચી હતી.

બંને દુર્ઘટનાઓમાં યુવાન અને આધેડ વ્યક્તિના મોતથી પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. જલાલપોર પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એન. ચૌધરી દ્વારા અજાણ્યા વાહનચાલકો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) અને મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુના નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

નવસારીમાં બે આખલા વચ્ચે અડધો કલાક સંઘર્ષ



નવસારી : નવસારી શહેરમાં રખડતાં ઢોરોની સમસ્યા વચ્ચે વોર્ડ નંબર ૧૩ના સરસ્વતી મંદિર નજીક બે આખલાઓ વચ્ચે સંઘર્ષની ઘટના સામે આવી છે. માર્ગ પર અંદાજે અડધા કલાક સુધી બંને આખલાઓ બાખડતા રહ્યા હતા. આ ઘટનાને કારણે આસપાસના રહીશો અને માર્ગ પરથી પસાર થતા લોકોમાં ચિંતા જોવા મળી હતી. આ ઘટના સ્થળથી આશરે ૫૦ મીટરના અંતરે જ સ્થાનિક કોર્પોરેટર તેમજ ગૃહનિર્માણ અને સ્લમ ઇમ્પ્રૂવમેન્ટ સમિતિના ચેરમેન વિજય રાઠોડનું નિવાસસ્થાન આવેલું છે. આથી સ્થાનિક સ્તરે પણ આ ઘટનાની ચર્ચા થઈ રહી છે. મહાનગરપાલિકા દ્વારા રખડતાં ઢોરોને પકડવા માટે કામગીરી હાથ ધરવામાં આવે છે. જોકે, શહેરના કેટલાક વિસ્તારોમાં હજુ પણ આખલાઓ જાહેર માર્ગો પર જોવા મળતા હોવાથી નાગરિકોમાં ચિંતા રહે છે.



કેરસી બારીયા



ધર્મેશ પટેલ

ચીખલી અને અમલસાડ APMCમાં ચીકુની હરાજીનો પ્રારંભ

પ્રથમ ગ્રેડના ચીકુના ૨૦ કિલોના રૂપિયા ૭૦૦ થી ૧૫૦૦ સુધીના ભાવ મળતા ખેડૂતોમાં આનંદની લાગણી

ઘેજ, બીલીમોરા: ચીખલી એપીએમસીમાં વર્ષોની પરંપરા મુજબ લાભ પાંચમના પવિત્ર દિવસે ચીકુની હરાજીનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે પ્રતિ વીસ કિલોગ્રામના પ્રથમ ગ્રેડના ચીકુના રૂપિયા ૭૦૦ થી ૧૪૫૦ અને બીજા ગ્રેડના રૂપિયા ૨૦૦ થી ૫૦૦ સુધીના ભાવ જાહેર થયા હતા. સમગ્ર સિઝનમાં સારા ભાવના આશાવાદ સાથે ખેડૂતોમાં ભારે આનંદ ફેલાયો છે.

એપીએમસી ચેરમેન પરિમલ દેસાઈ, વાઇસ ચેરમેન જે ડી પટેલ, પૂર્વ ચેરમેન અને વર્તમાન ડિરેક્ટર કિશોરભાઈ પટેલ ઉપરાંત અજયભાઈ દેસાઈ, હિતેન પટેલ, સુનિલ પટેલ, આઈ સી પટેલ, જીગર ગાંવિત, અંકીત પટેલ સહિતના ડિરેક્ટરો, ઈનચાર્જ સેક્રેટરી ઉર્મિલભાઇ સહીતનાની ઉપસ્થિતિમાં ચીકુની હરાજીનો પ્રારંભ કરાયો હતો.

બીજી તરફ, અમલસાડ એપીએમસીમાં પણ લાભ પાંચમે ચીકુની સારી આવક જોવા મળી હતી. પૂર અને વરસાદને કારણે પાકને અસર થવાની દહેશત વચ્ચે પણ અમલસાડ પંથકની વિવિધ મંડળીઓમાં કુલ ૮,૫૦૦ મણ (લગભગ ૧૭,૦૦૦ બોક્સ) ચીકુની આવક થઈ હતી. વિશ્વ વિખ્યાત અમલસાડી ચીકુને લાભ પાંચમે દિલ્હીના બજારમાં મોકલીને સિઝનનો પ્રારંભ કરાયો હતો.

અમલસાડ મંડળીમાં પ્રથમ નંબરની ક્વોલિટીના ૨૦ કિલોગ્રામ (એક મણ) ચીકુનો ભાવ રૂપિયા ૯૦૦ થી ૧૫ અને બી ગ્રેડના ચીકુનો ભાવ રૂપિયા ૫૦૦ થી ૬૦૦ સુધી બોલાયો હતો. અમલસાડ વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળીના નિમેશભાઈ નાયક, હેમંત નાયક, આશિષ નાયક સહિત અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી હતી.

ઉમરસાડીમાં 23.56 કરોડના વિકાસ કાર્યોનું નાણામંત્રીના હસ્તે ખાતમુહૂર્ત

ઉમરસાડીનો ફૂટઓવર બ્રિજ સમગ્ર ગુજરાતના કોસ્ટલ વિસ્તારોમાં એક મોડેલ તરીકે પ્રસ્થાપિત થશે - મંત્રી કનુભાઈ દેસાઈ



અમૃત પટેલ

પારડી : નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે પારડીના ઉમરસાડી ખાતે વિકાસ માટે રૂપિયા 25 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ઉમરસાડી માછીવાડ ખાતે ફૂટઓવર બ્રિજ બનાવવાની બહેનોની લાંબા સમયની માંગણી આજે પૂર્ણ થઈ રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ફૂટઓવર બ્રિજ સમગ્ર ગુજરાતના કોસ્ટલ વિસ્તારોમાં એક મોડેલ તરીકે પ્રસ્થાપિત થશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, બ્રિજના નિર્માણ માટે શરૂઆતમાં ૯ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા, પરંતુ જમીનની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેની ડિઝાઇન અને જગ્યામાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં હવે તેનો અંદાજિત ખર્ચ ૨૧ કરોડ રૂપિયા થવા જઈ રહ્યો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના આ વિકાસલક્ષી પ્રયાસો લોકોની ખુશી માટે અતિ મહત્વના છે. આ વિકાસ કાર્યોમાં રૂપિયા 20.20 કરોડના ખર્ચે કોઠરખાડી પર ઉમરસાડી માછીવાડ ગામથી ઉમરસાડી માછીવાડ બીચને જોડતા ૧૯૦ મીટર લંબાઈના ફૂટઓવર બ્રિજનું નિર્માણ, રૂપિયા 2 કરોડના ખર્ચે ઉમરસાડી દેસાઈવાડથી નાની માછીવાડ થઈ મોટી માછીવાડ સ્કૂલ ફળિયાને જોડતો રસ્તો, રૂપિયા 80 લાખના ખર્ચે પટેલ ફળિયામાં રામેશ્વર મંદિર તરફ જતો રસ્તો અને રૂપિયા 40 લાખના ખર્ચે માછીવાડ કોસ્ટલ હાઈવેથી દોલતભાઈ મધુભાઈ પટેલની વાડી સુધીના રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભુલકાંઓના શિક્ષણ અને પોષણ માટે ઉમરસાડીના ચૌટા ફળિયા અને ભરવાડ ફળિયા ખાતે પ્રત્યેક રૂપિયા 16 લાખના ખર્ચે બે નવીન આંગણવાડીઓના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલે સ્વાગત પ્રવચન, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઈજનેર ભાવેશ પટેલે કાર્યક્રમની રૂપરેખા અને ઉમરસાડી માછીવાડના સરપંચ ખુશ્બુ ટંડેલે આભારવિધિ કરી હતી. કાર્યક્રમમાં પારડી તાલુકા સંગઠન ભાજપ પ્રમુખ પુનિત પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરી પટેલ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ હેમલતા ટંડેલ, પારડી પાલિકા પ્રમુખ ચેતન નાયકા, શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ, મહેશ દેસાઈ, દિનેશ હળપતિ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ગણદેવીના પાટી ગામમાં રહેતા આધેડનો આપઘાત

બીલીમોરા : ગણદેવી તાલુકાના પાટી ગામે રહેતા યુવાને પોતાના જ ઘરે ગળે ફાસો ખાઇને આત્મહત્યા કરી લીધી છે. ગણદેવી નજીકના પાટી ગામના ખોખર ફળીયામાં રહેતા અપરિણીત ૪૩ વર્ષિય પ્રફુલભાઇ સુમનભાઈ પટેલે તા. ૧૩/૧૧/૨૦૨૬ ની સવારે સવા નવથી અગિયાર કલાકની વચ્ચે પોતાના પાટી ગામના ઘરે કોઈક અગમ્ય કારણોસર ઘરની એંગલ સાથે ચાદર બાંધી ગળે ફાસો ખાઇને આત્મહત્યા કરી લાધી હતી. મરનાર પ્રફુલભાઈ સુરત તેના બનેવી સાથે બેકરીમાં નોકરી કરતા હતા અને હાલમાં દિવાળીની રજા હોવાથી પાટી ગામે આવ્યા હતા. બનાવની જાણ હિતેશ મિસ્ત્રીએ બીલીમોરા પોલીસને કરતાં હેડ કોન્સ્ટેબલ સંદીપભાઈ ભુપતસિંહે અકસ્માત મોત નોંધી આગળની તપાસ કરી રહ્યાં છે.

નાનાપોંઢામાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીમાં નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

વલસાડ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આગામી ૧૫ નવેમ્બરને રવિવારે વલસાડ જિલ્લાના નાનાપોંઢા હેલિપેડ ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સવારે ૯:૦૦ વાગ્યે નાનાપોંઢા સર્કલ ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ એક ભવ્ય શોભાયાત્રા (રેલી) સ્વરૂપે હેલિપેડ ગ્રાઉન્ડ સુધી પહોંચશે, જ્યાં નાયબ મુખ્યમંત્રી દ્વારા પ્રદર્શનીને ખુલ્લી મૂકવામાં આવશે અને મુખ્ય કાર્યક્રમ યોજાશે. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સોશિયલ મીડિયા પર વિડિયો સંદેશ મૂકીને આદિવાસી ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આહવાન કર્યું છે. આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા પંચાયતનાં પ્રમુખ હેતલ પટેલ, સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય રમણલાલ પાટકર, ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ધારાસભ્ય ભરત પટેલ અને ધારાસભ્ય અરવિંદ પટેલ સહિતના ઉપસ્થિતિ રહેશે.

જામનપાડામાં ટેમ્પો પર ચોખાના પોટલા સરખા કરતી વખતે ચક્કર આવતા પટકાયેલી મહિલાનું મોત

ખેરગામ : ખેરગામના જામનપાડા ગામના ડુંગરી ફળિયામાં ટેમ્પો પર ચોખાના પોટલા સરખા કરતી વખતે ચક્કર આવતાં નીચે પટકાયેલી ૫૭ વર્ષીય મહિલાનું મોત થયું હતું. ખેરગામ તાલુકાના કાકડવેરી ગામના નિશાળ ફળિયામાં રહેતાં જમના પટેલ જામનપાડાના ડુંગરી ફળિયામાં વિજય વાળંદની દુકાન સામે ઊભેલા ટેમ્પોના પાછળના ભાગે ચોખાના પોટલા સરખા કરી રહ્યા હતા. દરમિયાન જમનાબેનને ચક્કર આવી જતાં તેઓ સંતુલન ગુમાવીને નીચે પટકાયા હતાં. નીચે પડવાથી તેમને માથામાં ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ખેરગામ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ સારવાર મળે તે પહેલા જ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતાં. આ બનાવ અંગે મૃતકના પુત્ર ધર્મેશ પટેલે ખેરગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ ચલાવી રહ્યા છે.

વાંસદાના વન પંડિત અનુપસિંહ સોલંકી ૯૭માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે



સુરત : વાંસદાના પ્રખ્યાત 'વન પંડિત' અનુપસિંહ સોલંકી ૧૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ ૯૭માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ગ્રામ્યથી લઈને રાજ્યકક્ષા સુધીના જાહેર જીવનમાં રહ્યા છતાં તેમની નિષ્ઠા અને પ્રમાણિકતા સામે ક્યારેય કોઈ આંગળી ચીંધી શક્યું નથી. તેમણે આદિવાસીઓ, ખેડૂતો, ગરીબો અને પશુપાલકોના હક્કો માટે અનેક આંદોલનો અને ઉપવાસ કર્યા હતા. ૧૯૭૨માં સરકારે ખેડૂતો પર ડાંગરની લેવી દાખલ કરી ત્યારે તેમની આગેવાનીમાં ઐતિહાસિક 'જેલભરો આંદોલન' થયું હતું, જેના પરિણામે સરકારે ઝૂકવું પડ્યું અને આખા ગુજરાતના ખેડૂતોને આ કાયદામાંથી મુક્તિ મળી. વાંસદાના રાજવી શ્રીમંત દિગ્વિજેન્દ્રસિંહજીના વિશ્વાસુ એવા અનુપસિંહને વન અને પર્યાવરણ ક્ષેત્રના ઉમદા કાર્યો માટે ગુજરાત સરકારનો સર્વપ્રથમ 'વનપંડિત પુરસ્કાર' એનાયત થયો છે. વાંસદાની આદિવાસી બહુલ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પણ તેમણે લોકસેવા કરી છે. આજે પણ તેઓ જાહેર જીવનમાં સક્રિય રહીને જનતાના પ્રશ્નોના ઉકેલ માટે માર્ગદર્શક બની રહ્યા છે.

વલસાડ હાઈવે પર અકસ્માતમાં સુરતના યુવાનનું કરૂણ મોત

સરોંધી ફાટક બ્રિજ પાસે ચાલકે કાબૂ ગુમાવતા બાઈક ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો, બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી

વલસાડ : સુરતના પર્વતપાટિયા વિસ્તારમાં આવેલી ત્રિકમનગર પરમહંસ સોસાયટીમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતા હરફૂલસિંહ જીવનરામ ભાખરે વલસાડ રૂરલ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો ૩૨ વર્ષીય મોટો દીકરો દેવીલાલ સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં નોકરી કરતો હતો. ગત ૬ નવેમ્બર ધનતેરસના દિવસે હરફૂલસિંહના સાળાના દીકરા સુનીલ સારણે નવી મોટરસાઈકલ ખરીદી હતી.

મંગળવાર, સવારે સુનીલભાઈ અને દેવીલાલ આ નવી બાઈક લઈને વાપી ખાતે રહેતા તેમના મિત્રને મળવા ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે સાંજે ૬:૧૫ થી ૬:૨૦ વાગ્યાના અરસામાં સરોંધી ગામની સીમમાં ફાટક બ્રિજ ઉતરતા મહાદેવ હોટલ સામે નેશનલ હાઈવે નંબર ૪૮ પર બાઈક ચાલક સુનીલભાઈએ પૂરઝડપે અને બેદરકારીથી હંકારી સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બાઈક રોડની બાજુમાં આવેલા ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી.

આ અકસ્માતમાં બાઈકની પાછળ બેઠેલા દેવીલાલ ભાખરને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતું, જ્યારે ચાલક સુનીલભાઈ બેભાન થઈ ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, મૃતક દેવીલાલના પરિવારમાં પત્ની પૂજાબેન ઉપરાંત ૩ વર્ષનો જયંત અને ૨ વર્ષનો યુવરાજ એમ બે માસૂમ બાળકો છે, જેના કારણે પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો છે. આ અંગે વલસાડ રૂરલ પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પી.એસ.આઈ. રશ્મિતાબા વિજયસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ વધુ તપાસ હાથ ધરી છે.

નાનાપોંઢા કોંગ્રેસમાં જૂથવાદ વકર્યો તા.પં સભ્ય સહિત ચાર સસ્પેન્ડ

સમાંતર પ્રમુખની જાહેરાત અને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ બદલ નોટિસ પાઠવાઇ હતી

કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખે કાર્યવાહી કરાતા રાજકીય ગરમાવો

ગ્રામ પંચાયતોની ચૂંટણીના પડઘમ વચ્ચે નાનાપોંઢા કોંગ્રેસમાં કમઠાણ

વલસાડ : ગ્રામ પંચાયતોની ચૂંટણીના પડઘમ વચ્ચે નાનાપોંઢા કોંગ્રેસમાં કમઠાણ સર્જાયું છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ નિયુક્તિ મુદ્દે વિવાદ બાદ કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ દ્વારા નાનાપોંઢા તાલુકા પંચાયત સભ્ય કુંજાલી પટેલ સહિત ત્રણ કોંગ્રેસ આગેવાનોને કોંગ્રેસમાંથી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરતા રાજકીય વાતાવરણ ગરમાયું છે. નોંધનીય છે કે નવા બનેલા નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ પ્રમુખની નિમણૂક મુદ્દે વિવાદ બાદ કોંગ્રેસના અન્ય જૂથે પ્રમુખ તરીકે ગિરીશ પટેલની નિમણૂક કરી હતી. જે મુદ્દે પ્રમુખ હરેશ પટેલ દ્વારા નોટિસ પાઠવાઈ હતી, જો કે અપાયેલો જવાબ સંતોષકારક ન હોવાનું જણાવી નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિરુધ્ધ જૂથવાદ ઉભો કરી સ્વ ઘોષિત પ્રમુખ ઘોષિત કરી પાર્ટીની છબી તથા પાર્ટીના બંધારણને ધુમિલ કરવાનું કૃત્ય આચરવામાં આવેલ છે જે સાબિત થતું જણાય આવે છે. જે કોંગ્રેસ પક્ષ બંધારણની કલમ મુજબ પક્ષમાંથી 4 કોંગ્રેસી આગેવાનોને 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાયા છે. ઉપરોક્ત વિગત અંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલનો સંપર્ક કરતા તેમણે ફોન ઉપાડ્યો ન હતો.

જૂથવાદ ઊભો કરતા પક્ષની છબીને નુકસાન પહોંચતું હતું

તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલે જણાવ્યુ કે કોંગ્રેસની પ્રમુખ નિયુક્તિ સામે જૂથવાદ ઉભો કરી પક્ષની છબીને નુકશાન પહોંચતું હોય નિયમ મુજબ કોંગ્રેસ યુથ મહામંત્રી કુંજાલી પટેલ, એસ.ટી.સેલ. ઉપપ્રમુખ ગીરીશ પટેલ, કિસાન સેલ પ્રમુખ ગણેશભાઈ પટેલ અને પીઢ આગેવાન બાબુભાઈ વરઠાને પક્ષમાંથી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે. જેની જાણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, પ્રભારી સહિતને મોકલી આપી છે.

વાપીમાં જ્વેલર્સ સાથે રૂ. ૧ લાખની ઠગાઈ: આરોપી હુશેન પારડીવાલા ઝડપાયો

વાપી : વાપીના ગુંજન વિસ્તારમાં 'સિદ્ધિ વિનાયક જ્વેલર્સ'ના સંચાલક અજીત સુભાષ જાદવ સાથે સોનાનું કંગન છોડાવવાના નામે રૂપિયા ૧ લાખની છેતરપિંડી આચરનાર આરોપી હુસેન યુસુફભાઈ પારડીવાલાને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો છે. ગત ૧૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ આરોપી દુકાને આવ્યો હતો અને તેણે ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂકેલું સોનાનું કંગન છોડાવવા માટે રૂપિયા ૧ લાખની માંગણી કરી હતી. તેમજ તે કંગન વેચી દેવાની લાલચ આપી જ્વેલર્સ પાસેથી ઓનલાઈન QR કોડ દ્વારા રૂપિયા ૧ લાખ મેળવી લીધા હતા. બાદમાં નાણાં ટ્રાન્સફર ન થવાના બહાના બનાવી અને ખાતામાંથી રકમ ઉપડી ગયાનું કહી તેણે છેતરપિંડી આચરી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે અને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથિયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (12970)

મિલ્કત ભાડેથી
ભાડે આપવાનો છે
2 બેડરૂમ સેમી ફર્નિસ્ડ ફ્લેટ તારવાડી સિગ્નલ પાસે દલાલ માફ. ફોન- ૯૮૪૫૫૧૬૬૩૩. (12936)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ
આશાપુરી 23/11.
પૂનમ, ડાકોર, અંબાજી, સુન્યામાતા, આબુ, શ્રીનાથજી 30/11. જગન્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/12. 9426741783 (12965)

ૐ શિવ ટ્રાવેલ્સ
17 18 નવેમ્બર (ઉદેપુર જયપુર ખાટુશ્યામ શ્રીનાથજી માઉન્ટઆબુ) (ગોકૂળ મથુરા વૃંન્દાવન) (સફેદરણ કચ્છ માતાનો મઠ માંડવી કોટેશ્વર અંજાર) (દ્વારકા સોમનાથ દીવ વિરપુર) (જોધપુર જેસલમેર જુનારણુજા માઉન્ટઆબુ) (ધૃષ્ણેશ્વર ભીમાશંકર ત્રંબકેશ્વર) 20 નવેમ્બર (મહાબળેશ્વર પંચગીની લોનાવાલા) (નાસિક શીર્ડી સપ્તશ્રુંગી) ખરવરશેરી ભાગળ સુરત 9537838949, 9327199997 (12969)

મિલ્કત વેચવાની છે
કોમર્શિયલ ઓફિસ
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે રેડી- ટુ- મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો. ફૂટ ઓફિસ નં 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્ક: 9726009242 (11502)

વેચવાનો છે
310 વારનો બંગલા માટેનો પ્લોટ સારી સોસાયટીમાં સોમેશ્વર સોસાયટી વેસુ પાસે મોબાઈલ - 9898076797 (12966)

વેચવાનો છે
5000 વારનો પ્લોટ ફ્રી ઝોનમાં વેલુકગામ પછી જહાંગીરપુરા દાંડીરોડ પર મોબાઈલ 9898076797 (12967)

વેચવાનો છે
600 વારનો પ્લોટ બાપુજીની વાડી સુલતાનાબાદ ડુમ્મસરોડ મોબાઈલ 9898076797 (12968)

નોકરી વિષયક
Coco BP Navipardi
કંપની સંચાલિત પેટ્રોલપંપ પર કામ માટે સ્ટાફ જોઈએ છે (છોકરા/ છોકરી). Coco BP Navipardi પેટ્રોલપંપ કામરેજ સુરતની સામે નવીપારડી કામરેજ સુરત આકર્ષક પગાર. 9104538350, 9979040002 (12962)

દુકાન ના કામ માટે
માણશ ની જરૂર છે. નેવટીવાલા ટાવર પાસે પોલીસ ચોકીની બાજુમાં સુરત (12964)

માપ લેવા માટે માસ્ટર
જોઈએ છે સુટ, શર્ટ, પેન્ટ, શેરવાની, કુર્તા પાયજામા માટે જેન્ટસ માસ્ટર જોઈએ છે. ઈરફાન ટેક્ષટાઈલ (મોતીવાલા) શોરૂમ સંપર્ક- 9825139287 સમય- સવારે 11 થી રાત્રે- 10 (12963)

જોઈએ છે
ટર્નર ફીટર, ડ્રીલમેન, હેલ્પર સચીન એરિયા માટે ફોન: 9925144406 (12937)

રસોઈયા જોઈએ છે
અલ્થાણ, ચાઈના ગેટ નં ૨ પાસે આવેલ આશીર્વાદ રેસિડેન્સીમાં દરરોજ બે ટાઈમ રસોઈ બનાવવા માટે રસોઈયાની જરૂર છે. સંપર્ક: વીણાબેન મો: 9898503100 (409)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.